ચિ.રિ.યુ./રિ.પ્રો./૨૦૨૫/Ph.D./૨૨૭ તા. ૨૫ /૦૪/૨૦૨૫

# કચેરી આદેશ

(ફુલટાઈમ Ph.D. – હાજરી અને રજાના નિયમો)

મા. કુલપતિશ્રીની તા. ૦૯/૦૪/૨૦૨૫ની નોંધ પર મળેલ આદેશ અનુસાર યુનિવર્સિટી ખાતે ફુલટાઈમ Ph.D. કરતા વિદ્યાર્થીઓ માટે હાજરી અને રજાના નિયમો નીચે મુજબ રહેશે.

૧. ફુલ ટાઈમ Ph.D. વિદ્યાર્થીએ યુનિ.ના કાર્ય દિવસોમાં યુનિ. ના નિયત કાર્યાલય સમય દરમિયાન રોજના ઓછામાં ઓછા છ કલાક યુનિ. ખાતે હાજર રહેવાનું રહેશે.

૨. તમામ ફુલ ટાઈમ Ph.D. વિદ્યાર્થીઓ માટે (SHODH કે અન્ય ફેલોશિપ મેળવતા અને ન મેળવતા) રજાના નિયમો શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારની SHODH ફેલોશિપ સ્કીમ માટે નક્કી થયેલ નિયમો અનુસારના રહેશે.

૩. જો કોઈ વિદ્યાર્થીને 'SHODH' સિવાયની કોઈ સ્કીમ/ ફંડિંગ એજન્સીની ફેલોશિપ જો મંજૂર થાય છે તો તેના માટે જે તે સ્કીમ/ ફંડિંગ એજન્સીના જો રજાના નિયમો નિયત હોય તો તે પ્રમાણે રહેશે. જો નિયમો નિયત ન હોય તો તેઓ માટે પણ રજાના નિયમો 'SHODH' ફેલોશિપ પ્રમાણે રહેશે.

૪. યુનિ.ના ફુલટાઈમ Ph.D. વિદ્યાર્થીઓએ દિવાળી અને ઉનાળું વેકેશન દરમિયાન તેઓના માર્ગદર્શકના સંપર્કમાં રહી સંશોધન કાર્ય શરૂ રાખવાનું રહેશે. યુનિ.ના ટિચિંગ સ્ટાફને મળવાપાત્ર વેકેશન દરમિયાન ફુલટાઈમ Ph.D. વિદ્યાર્થીઓ રૂબરૂ યુનિ. ન આવવા માંગતા હોય તો તેમણે માર્ગદર્શકે સોંપેલ સંશોધન કાર્ય વેકેશન દરમિયાન પૂર્ણ કરવાનું રહેશે અને વેકેશન પૂર્ણ થયે કરેલ કામગીરી અંગેનું પ્રમાણપત્ર માર્ગદર્શકની સહી સાથે ડિપાર્ટમેન્ટ ઓફ રિસર્ચ પ્રોગ્રામને જમા કરાવવાનું રહેશે.

૫. 'SHODH' સિવાયની સ્કીમ/ ફંડિંગ એજન્સી પાસેથી ફેલોશિપ મેળવતા વિદ્યાર્થીઓને જે તે સ્કીમ/ ફંડિંગ એજન્સીના વેકેશનના નિયમો લાગુ પડશે. જો આ પ્રકારના નિયમો જે તે સ્કીમ/ ફંડિંગ એજન્સી દ્વારા નિયત ન કરવામાં આવ્યા હોય તો તેમને ક્રમ નં. -૪ મુજબના નિયમો લાગુ પડશે.

૬. જો ફુલટાઈમ Ph.D. વિદ્યાર્થીની 'SHODH' કે અન્ય કોઈ સ્કીમ/ ફંડિંગ એજન્સીની ફેલોશિપ માટે પસંદગી થતી નથી તો આવા વિદ્યાર્થી માટે ફુલટાઈમ Ph.D.ના ત્રણ વર્ષના સમય ગાળા માટે SHODH ફેલોશિપના સ્કોલરને લાગુ પડતાં ઉપર દર્શાવેલ રજા અને વેકેશનના નિયમો લાગુ પડશે.

૭. 'SHODH' ફેલોશિપના નિયમો અનુસાર ફુલટાઈમ Ph.D. વિદ્યાર્થીની જે તે મહિના દરમિયાનની ૭૫% હાજરી હોવી જરૂરી છે. જો અન્ય સ્કીમ/ ફંડિંગ એજન્સીની ફેલોશિપ માટે હાજરીના નિયમો નક્કી ન હોય તો તેવા વિદ્યાર્થીએ પણ મહિના દરમિયાન ૭૫% હાજરી આપવી જરૂરી છે. કોઈ પણ પ્રકારની ફેલોશિપ ન મેળવતા ફુલટાઈમ Ph.D. વિદ્યાર્થી માટે પણ મહિના દરમિયાન ૭૫% હાજરી જરૂરી છે.

**Head of Department**
Department of Research Program
Children's Research University
Gandhinagar

# શોધ યોજના અંતર્ગત વિદ્યાર્થીઓ માટે રજાના નિયમો

શોધ યોજનાના ઠરાવની કલમ ૧૦માં જણાવ્યા અનુસાર દરેક વિદ્યાર્થી યુનિવર્સિટીના જે તે વિભાગમાં સલાહ/માર્ગદર્શન માટે, ગાઈડ સાથે, ગ્રંથાલયમાં, સર્વે કે અન્ય અભ્યાસ માટે નિયમિત રીતે દરમાસે ઓછામાં ઓછી ૭૫% હાજરી ધરાવતા હોવા જોઈએ. આ અંગે સંબંધિત વિભાગના હેડ ઓફ ડિપાર્ટમેન્ટ (HoD) અને પીએચ.ડી. ગાઈડનું પ્રમાણપત્ર તેમની સહી સાથે દરેક માસ તથા દરેક સત્રના અંતે કોન્સોલીડેટેડ હાજરી પત્રક શોધ પોર્ટલ પર ઓનલાઈન જમા કરાવવાનું રેહશે. વિદ્યાર્થીએ મોબાઇલ એટેન્ડન્સ સિસ્ટમ (MAS) અંતર્ગત તેની હાજરી ગાઈડના માર્ગદર્શન મુજબ માર્ક કરવાની રહેશે. દર માસના અંતે વિદ્યાર્થીની ઓછામાં ઓછી ૭૫% હાજરી થવી જરૂરી છે. ત્યારબાદ જ સ્ટાઇપેંડની રકમ મળશે. આ સાથે શોધ યોજના અંતર્ગત માન્ય રજાના નિયમો નીચે મુજબના રેહશે. આવી મંજૂરી સિવાય ભોગવેલ રજાઓ અમાન્ય ગણાશે અને તે સમયની રકમ ચુકવવામાં આવશે નહીં.

## 1. મેડીકલ લીવ

કોઈ ગંભીર બીમારી કે શારીરિક સમસ્યા અથવા અન્ય અનિવાર્ય તબીબી કારણોસર વિદ્યાર્થીના ગાઈડની પૂર્વ મંજુરીથી જ વિદ્યાર્થીની રજા મંજુર કરવામાં આવશે. વિદ્યાર્થીને મેડીકલ સર્ટી તથા ડોક્ટરની ભલામણ મુજબ એક વર્ષમાં વધુમાં વધુ ૩૦ દિવસની રજા આપી શકાય છે. આમ છતાં જો તેની શારીરિક સ્થિતિમાં સુધાર ન જણાય તો તે રજાઓ સિવિલ હોસ્પિટલના ડોક્ટર દ્વારા પ્રમાણિત કરેલ સર્ટીફીકેટના આધારે બીજા ૨ મહિના સુધી લંબાવી શકાય છે. આ માટે જે-તે રીપોર્ટ અને મેડીકલ સર્ટીફીકેટ રજૂ કરવાનું રહેશે તથા આ બાબતે કેસીજીને સતત જાણ કરવાની રહેશે. મેડીકલ લીવ દરમિયાન વિદ્યાર્થીને વધુમાં વધુ ૧ મહિનાનું સ્ટાઇપેંડ મળવા પાત્ર રહેશે. જો આ સમયગાળો ૩૦ દિવસથી વધુ હશે તો તેને પોર્ટલ પર ટેમ્પરરી બ્લોક કરવામાં આવશે પરંતુ નોડલ ઓફિસર/ગાઈડની મંજૂરી પછી રીસર્ચ કાર્ય પુનઃ શરૂ કર્યા બાદ આગળનું સ્ટાઇપેંડ પણ મળવાપાત્ર રહેશે. તમામ મેડીકલ રીપોર્ટ/સર્ટીફિકેટ પર સિવિલ હોસ્પિટલના ડોક્ટરશ્રીની કાઉન્ટર સહી થયા બાદ લાંબી મેડીકલ લીવનો પ્રસંગ ગંભીર બીમારીથી ઉત્પન્ન થાય તો જ તેનો સમયગાળો આગળના સત્રોમાં ઉમેરવામાં આવશે. પરંતુ આના કારણે મળવાપાત્ર સ્ટાઇપેંડની કુલ રકમ વધશે નહીં.

## 2. મેટરનિટી લીવ

ફેલોશિપના સમયગાળા દરમિયાન મહિલા સ્કોલરને મહતમ ૧૮૦ દિવસની પ્રસુતિ રજાઓ સરકારી નિયમો મુજબ મળવાપાત્ર રેહશે. આ માટેનું મેડીકલ પ્રમાણપત્ર રજાના સમયગાળા પૂર્વે નોડલ ઓફિસર દ્વારા કેસીજી ખાતે રજૂ કરવાનું રહેશે. વિદ્યાર્થીનીને રજાના સમયગાળા દરમિયાન પોર્ટલ પર ટેમ્પરરી બ્લોક કરવામાં આવશે તથા રીસર્ચ કાર્ય પુનઃ શરૂ કર્યા બાદ આગળનું સ્ટાઇપેંડ મળવાપાત્ર

રહેશે. મેટરનિટી લીવ આગળના સત્રમાં ઉમેરવામાં આવશે, કે જે ૧૮૦ દિવસથી વધુ માન્ય રેહશે નહિ. મળવાપાત્ર કુલ રકમમાં આ કારણોસર કોઈ ઘટાડો થતો નથી ફક્ત સમયગાળો લંબાય છે.

ઉદા. કોઈ વિદ્યાર્થીનીનો ફેલોશીપ સમયગાળો જાન્યુઆરી ૨૦૨૦ થી ડિસેમ્બર ૨૦૨૧ (એટલે કે ૨ વર્ષ) સુધીનો છે. આ દરમિયાન તેણીએ ૬ મહિનાની મેટરનિટી લીવ ૧ જૂન ૨૦૨૦ થી ૩૦ નવેમ્બર ૨૦૨૦ સુધીમાં લીધેલ છે. અને તેનું સંશોધન કાર્ય ૧ ડિસેમ્બર ૨૦૨૦ પુનઃ શરૂ કરે તો તેનું સ્કોલરશીપ વર્ષ જૂન ૨૦૨૨ સુધી લંબાવવામાં આવશે. પરંતુ મળવાપાત્ર ઓવરઓલ સ્ટાઇપેંડની કુલ રકમ યથાવત્ રેહશે. વધારો માત્ર સત્ર પૂરતો જ રહેશે.

## 3. ડ્યુટી લીવ

સંશોધનકાર્ય માટે ફિલ્ડ વર્ક, સેમ્પલ/ડેટા કલેક્શન, સેમ્પલ ટેસ્ટીંગ, સેમ્પલ એનાલીસીસ, કેસ સ્ટડી, ચેપ્ટર રાઈટીંગ, બીજી યુનિવર્સિટીમાં માર્ગદર્શન, મર્યાદિત સમય પૂરતી પરદેશની યુનિવર્સિટીની/એક્સપર્ટની મુલાકાત અથવા ગુજરાત રાજ્ય, ભારત દેશ કે આંતરરાષ્ટ્રીય વર્કશોપ/ કોન્ફરન્સમાં ભાગ લેવાનો હોય તે રીસર્ચ સ્કોલરની આવી બધી કામગીરી ડ્યુટી લીવ ગણાશે. જેની પરવાનગી પોતાના ગાઈડ, નોડલ ઓફિસર અને સંસ્થા પાસેથી લેવાની રેહશે. આ બાબતે કેસીજી કોઈ નિર્ણય લેશે નહિ. તથા આ માટે વિદ્યાર્થીએ કોન્ફરન્સ કે વર્કશોપ સર્ટીફીકેટ/ પ્રમાણપત્ર તથા અન્ય પુરાવાઓ કેસીજી સમક્ષ નોડલ ઓફિસર/ગાઈડની સહી લીધા પછી રજુ કરવાના રહશે.

4. વિદ્યાર્થીના પોતાના કુટુંબમાં અકસ્માત/સામાજિક/લગ્ન/મરણ પ્રસંગ અથવા અન્ય કારણો માટે યોગ્ય પુરાવા ગાઈડ/નોડલ ઓફિસર સમક્ષ રજુ કરી તેમની મંજુરીથી ૧૫ દિવસની લીધેલી રજા માન્ય ગણાશે, જે ગાઈડ/નોડલ ઓફિસરની રજુઆતના આધારે કેસીજી માન્ય કરશે અને તે સમયનું સ્ટાઇપેંડ ચૂકવાશે.
5. કોવીડ-૧૯ જેવી ગંભીર મહામારી કે કુદરતી આપત્તિ, બંધ, કટોકટીની પરિસ્થિતિ સમયે હાજરી અંગે સરકારશ્રી દ્વારા જાહેર થયેલ નીતિ/નિયમો અનુસાર હાજરીમાં છૂટછાટ મળી શકશે. આ બાબતે ગાઈડ/નોડલ ઓફિસર દ્વારા પ્રમાણિત કરેલ/ચકાસેલ મેડીકલ સર્ટીફીકેટ રજૂ કરવાનું રહેશે. આવી બીમારી/અકસ્માત વગેરે અંગેનું સર્ટીફીકેટ રજૂ કરવાથી ડોક્ટરની સલાહ મુજબ આવા સંજોગોમાં રજા મંજૂરથશે અને તે સહુને સ્ટાઇપેંડ ચૂકવાશે.
6. વિદ્યાર્થી દ્વારા દરેક બાબતે પ્રથમ પોતાના ગાઈડ નોડલ ઓફિસર પાસેથી માર્ગદર્શન મેળવવાનું રહેશે. દરેક સર્ટીફીકેટ/રજૂઆત પર તેમની સહી લેવાની રહેશે. આમ છતાં સ્પષ્ટતા ના થાય તો જ કેસીજીનો સંપર્ક કરી માર્ગદર્શન મેળવવું.

28-1-21